# ❀ સોળ વર્ષનો સરવાળો ❀

– પ્રિયમ્

*[ફાગણ સુદ-૧૩ - સિરિઝ : શાંબ-પ્રદ્યુમ્નની સાધના]*

એક વખતના દ્વારિકાના રાજકુમારો... સ્વયં શ્રીકૃષ્ણ મહારાજાના પુત્રો... રૂપથી કામદેવ... વિદ્યાથી ઈન્દ્ર.. પરાક્રમથી ચક્રવર્તી... લખલૂટ સંપત્તિ... અપ્સરા જેવી પત્નીઓ.. જાંબવતીના પુત્ર-શાંબ અને રુક્મિણીના પુત્ર પ્રદ્યુમ્ન... ઈચ્છત તો આખી જિંદગી સુખની છોળોને માણી શકત, લખલૂટ ભોગોને ભોગવી શકત... પણ એક દિવસ બાવીશમાં તીર્થંકર શ્રીનેમિનાથ ભગવાન દ્વારિકાના દ્વારે પધાર્યા.

આખી નગરી ઉમટી. શાંબ અને પ્રદ્યુમ્ન પણ આવ્યા. પ્રભુની વાણી ખળખળ વહી રહી છે અને શાંબ અને પ્રદ્યુમ્નના હૈયાને સ્પર્શી રહી છે... સંપત્તિ એટલે સાંજના વાદળના રંગો, યૌવન એટલે ઘાસની ટોંચે લટકતું જળબિંદુ, ઘર એટલે મુસાફરખાનું, જિંદગી એટલે પાણીનો પરપોટો... ક્ષણિક સુખમાં પાગલ બનેલો જીવ અનંત ભવિષ્યને રગદોળી દે છે. દુર્લભ માનવભવ પામીને સાધના કરી લેતો જીવ અનંત ભવિષ્યને સુખ અને સલામતીથી ભરી દે છે. દ્વારિકા નગરી આજે ભલે દેવલોક જેવી છે, પણ એનો ય એક દિવસ અંત થવાનો છે, કારણ કે જેની શરૂઆત હોય છે, એનો અંત પણ હોય છે, સિવાય મોક્ષ. કરવા જેવું આ એક જ કાર્ય છે. શીઘ્રથી શીઘ્ર મોક્ષમાં પહોંચી જાઓ. ત્યાં શાશ્વત સુખના સ્વામી થઈ જાઓ. આ જન્મમાં બીજું કશું જ કરવા જેવું નથી.

શાંબ અને પ્રદ્યુમ્નનું હૃદય જિનવાણીથી ભીંજાઈ જાય છે. તેઓ તો દીક્ષા લે જ છે, તેમની સાથે સાથે તેમની માતાઓ, પત્નીઓ, મિત્રો અને બીજા પણ કરોડો યાદવ સ્ત્રી-પુરુષો દીક્ષા લે છે. પ્રભુ નેમિનાથની અપરંપાર કૃપાથી તેમના સાધનાજીવનની સ્વર્ણિમ શરૂઆત થાય છે.

પ્રદ્યુમ્નમુનિ સદ્ગુરુની પાસે વિનયપૂર્વક દ્વાદશાંગીનું જ્ઞાન મેળવે છે. વિશ્વનો કોઈ વિષય બાકી ન રહે, એટલી હદનું ઊંડું, શુદ્ધ અને અદ્ભુત જ્ઞાન પ્રદ્યુમ્નમુનિ પામે છે. એમના રોમે રોમેથી વૈરાગ્ય નીતરી

રહ્યો છે. એમના હૃદયમાં સર્વ જીવો પ્રત્યે કરુણા છે, એમના શ્વાસે શ્વાસે સંયમની સંવેદના છે. નાનામાં નાના જીવ પ્રત્યેની ય દયા એમની સમગ્ર ચર્યામાં ઝળકી રહી છે. જિનવાણીનું ચિંતન એમના આત્માને પવિત્ર... ઓર પવિત્ર... ઓર પવિત્ર કરી રહ્યું છે. એમનું મન સમતાના રંગે રંગાઈ ગયું છે. ઠંડી, ગરમી, ભૂખ, તરસ, મચ્છર, નિંદા, આક્રોશ બધું જ સમભાવે સહન કરવાની એમની સજ્જતા છે. કોઈ પશુ-પંખી, માનવ કે દેવ પણ એમને હેરાન કરવાનો પ્રયાસ કરે, એમને મારે-પીટે-ઘાયલ કરે કે બદનામ કરે, એ તો એવા ને એવા પ્રસન્ન હોય, જાણે કાંઈ બન્યું જ નથી.

ઘર-ઘરથી જે ભિક્ષા મળે તે લઈને શરીરનો નિર્વાહ કરે છે. પોતાના માટે બનાવેલી રસોઈ કે જે આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર-મકાન વગેરેમાં પોતાના માટે સૂક્ષ્મ પણ હિંસા થઈ હોય તેનો સ્વીકાર કરતા નથી. પોતાના રાજકુમારપણાનું અભિમાન છોડીને સદ્‌ગુરુની અને સહુ સાધુ ભગવંતોની મન મુકીને સેવા કરે છે. શાંબમુનિ પણ આવી જ્ઞાન-ધ્યાનની-સહનશીલતા-સમતા ને સેવાની શ્રેષ્ઠ સાધના કરે છે.

પ્રદ્યુમ્નમુનિ વીશસ્થાનક તપની સાધના પણ શરૂ કરે છે. અરિહંત, સિદ્ધ વગેરે ૨૦ સ્થાનો છે, જેમને પદો પણ કહેવાય. આ એક એક પદની આરાધનાસ્વરૂપે પ્રદ્યુમ્નમુનિ ત્રણ-ત્રણ નકોરડા ઉપવાસો કરે છે. પછી પ્રદ્યુમ્નમુનિ લઘુસિંહનિષ્ક્રીડિત તપ શરૂ કરે છે.

તેમાં પહેલા ચાર ઉપવાસ પછી એકાસણું, પછી બે ઉપવાસ, પછી એકાસણું, પછી ત્રણ ઉપવાસ પછી એકાસણું... એમ ૨-૨-૩-૧૪-૧૨-૧૬-૨૦-૧૮-૨૨-૧૬-૧૪-૧૬-૧૬-૧૨-૧૪-૧૦-૧૨-૩-૧૦-૨-૩-૪-૨ - આ રીતે ઉપવાસો કર્યા. આમ છ મહિના અને સાત દિવસ ઘોર તપસ્યા કરી એટલે પહેલી પરિપાટી પૂરી થઈ. બીજી પરિપાટીમાં ઉપવાસો તો આ મુજબ જ કર્યા. પણ દરેક પારણામાં દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને તળેલી વસ્તુઓનો - એટલે કે વિગઈઓનો

ત્યાગ કર્યો, ત્રીજી પરિપાટીમાં ઉપવાસો તો એ જ મુજબ, પણ પારણે એકાસણામાં વિગઈઓના ત્યાગની સાથે સાથે જે ખોરાકથી પાત્ર (વાસણ) લેપાય-ખરડાય એવી પણ બધી વસ્તુઓનો ત્યાગ કર્યો. ચોથી પરિપાટીમાં પણ ઉપવાસો તો એ જ મુજબ, પણ પારણે આયંબિલ કર્યા, એટલે સૂકા ચણા-મમરા-બાફેલ-શેકેલ ધાન જેવા લુખ્ખા-સૂક્કા અન્ન સિવાય બીજા બધી વસ્તુઓનો ત્યાગ કર્યો. આ રીતે ચાર પરિપાટી પૂરી કરવા સાથે બે વર્ષ અને અટ્ઠાયાવીસ દિવસમાં આ તપ સંપૂર્ણ કર્યો.

પ્રદ્યુમ્નમુનિનું શરીર સુકાઈ રહ્યું છે, પણ એમના તપનું તેજ વધી રહ્યું છે. લઘુસિંહનિષ્ક્રીત તપ કર્યા પછી એમણે મહાસિંહનિષ્ક્રીડિત તપ કર્યો. તેમાં ત્રીસ ઉપવાસ સુધીના ઉપવાસ આવે. પહેલી પરિપાટી એક વર્ષ, છ મહિના અને અઢાર દિવસે પૂરી થાય. ચારે પરિપાટી પૂરી થતા છ વર્ષ, બે મહિના અને બાર દિવસ થાય. તેમાં પારણા લઘુસિંહનિષ્ક્રીડિત તપની જેમ સમજવા.

આટલું જ નહીં, પ્રદ્યુમ્નમુનિ પદ્મોત્તર તપ, મહાભદ્ર તપ, સર્વતોભદ્ર તપ, એકાવલિ તપ, મુક્તાવલિ તપ, રત્નાવલિ તપ, કષાયજિત્ તપ, સર્વાંગસુંદર તપ, ભદ્ર તપ અને સુધર્મ-ચક્રવાલ તપ કરે છે. શામ્બમુનિ પણ આવી અનેકાનેક ઘોર તપસ્યાઓ કરે છે.

એમ કરતા કરતા બંને મુનિવરોની સંયમજીવનની સાધનાને સોળ વર્ષ પૂરા થાય છે, સાધનાએ એમના આત્માને માંજી માંજીને ઉજળો કર્યો છે. ભીતરમાં સતત આનંદના ઝરણા વહી રહ્યા છે. જિનવાણીનો શબ્દે શબ્દ એમના જીવનમાં જીવંત બન્યો છે. વિચરણ કરતા કરતા એ બંને મુનિવરો શત્રુંજય ગિરિરાજ પર આવે છે. સાથે બીજા પણ સાડા ત્રણ (કે સાડા આઠ) કરોડ મુનિવરો છે. સહુ ત્યાં અનશન કરે છે. એટલે કે આમરણાંત ઉપવાસો કરે છે. પરમ સમતા અને પરમ સમાધિની ધારામાં આગળ વધતા વધતા એ સહુ મુનિવરો કેવળજ્ઞાન. સર્વજ્ઞતાની પ્રાપ્તિ કરે છે અને સર્વ કર્મોનો ક્ષય કરીને મોક્ષે જાય છે.

ત્યાં શાશ્વત-સુખ પામે છે. પરમાનંદના સ્વામી બને છે. એ પરમ પાવન દિવસ હતો - ફાગણ સુદ તેરસ-નો.

આ છે શાંબ-પ્રદ્યુમ્નના સાધના-જીવનના સોળ વર્ષનો સરવાળો. ખરેખર આ જીવનમાં આ જ કરવા જેવું છે, એની બદલે આપણે બાદબાકી ને ભાગાકારોમાંથી ઊંચા જ આવતા નથી. ફાગણ સુદ તેરસ આપણને પૂછે છે કે શાંબ-પ્રદ્યુમ્ન પાસે જે સુખ-વૈભવો હતા એમની તુલનામાં તમારી પાસે શું છે કે તમે હજી એને છોડી શકતા નથી? ફાગણ સુદ તેરસ આપણને પૂછે છે કે આવો - પાણી વલોવવા જેવો ને હાથે કરીને દુઃખી થવા જેવો સંસાર છોડીને આવી સાધનાની મસ્તી તમે ક્યારે માણશો ? ફાગણ સુદ તેરસ આપણને પૂછે છે કે જે ગિરિરાજથી કરોડો મુનિવરો મોક્ષે ગયા, એ ગિરિરાજથી શું તમે પાછા ઘરે જશો ? ફાગણ સુદ તેરસ આપણને પૂછે છે કે શું તમે આ મોંઘા ભવને આમ જ વેડફી નાંખશો ? શું તમે તમારા આત્માનું કલ્યાણ નહીં કરો ?

ચાલો, આજે જ આનો જવાબ ગોતી કાઢીએ. નહીં તો કદાચ જિંદગીના અંતે સરવાળાનો પત્તો નહીં હોય અને આત્મિક દેવાળાનો પાર નહીં હોય.

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રીજિનાજ્ઞાવિરુદ્ધ લખાયું
હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

ફાગણ સુદ ૨, વિ.સં ૨૦૭૭
લબ્ધિ-વિક્રમ ફ્લેટ, વાસણા,
અમદાવાદ.

✺